# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'B' (2.21) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.-૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : (૦૨૭૬૬) ૨૨૦૯૩૨, ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર ક્રમાંકઃ ૨૮ /૨૦૨૬

**અગત્યનું**

વિષયઃ- કાર્યકારી આચાર્યની મંજૂરી અંગે.

આથી આ યુનિવર્સિટી સંલગ્ન (સરકારી તથા ગ્રાન્ટ ઇન એઇડ કોલેજ સિવાયની) તમામ સેલ્ફ ફાયનાન્સ કોલેજોના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/સંચાલકશ્રીઓને જણાવવાનું કે, આપના ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં નિયમાનુસાર આચાર્યની જગ્યા ભરાયેલ હોવી અનિવાર્ય છે. તેમ છતાં ઘણા કિસ્સાઓમાં યુનિવર્સિટી સાથેના જોડાણની શરતો અને યુનિવર્સિટી, યુ.જી.સી., એપેક્ષ બોડી, રાજયસરકારશ્રીના નિયમાનુસાર આચાર્યની જગ્યાઓ ભરાયેલ ન હોવાની પરિસ્થિતિ માલૂમ પડે છે. જે યોગ્ય ગણી શકાય નહી.

અપવાદરૂપ અને ખાસકારણોના સંજોગોમાં આચાર્યની જગ્યાઓ ભરાયેલ ન હોવાના કિસ્સામાં આ યુનિવર્સિટીના ઓર્ડિનાન્સ-૧૪૮ ની કંડિકા-૧૩ (૨૦), અનુસાર કાર્યકારી આચાર્યનો હવાલો સોંપવાની મંજૂરી મેળવવી અનિવાર્ય છે. મંજૂરી ન મેળવવાના કિસ્સા ઉપસ્થિત થનાર વહીવટી પ્રશ્નોની જવાબદારી જે તે સંચાલક મંડળ/કોલેજની રહેશે.

કાર્યકારી આચાર્યની મંજૂરી શૈક્ષણિક સત્રની શરૂઆતમાં મેળવવાની રહે છે. કોલેજના અધ્યાપકોની કાર્યકારી આચાર્યની મંજૂરી મેળવવા ઓર્ડિનાન્સ-૧૪૮,૧૩ (૨૦) અનુસાર, તેમજ યુનિવર્સિટીની માન્યતા મેળવેલ અધ્યાપક/વ્યાખ્યાતાને કાર્યકારી આચાર્યની મંજૂરી આપી શકાશે તે સિવાયની મળેલ દરખાસ્ત પર મંજૂરી આપી શકાશે નહી. જેની તમામ સંબધિતશ્રીઓએ નોંધ લેવા તેમજ **શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૫-૨૬ માં જે કોલેજોએ કાર્યકારી આચાર્યની મંજૂરી મેળવેલ નથી તેવી કોલેજોએ તાત્કાલિક કાર્યકારી આચાર્યની મંજૂરી મેળવવા આથી જણાવવામાં આવે છે.**

વધુમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૬-૨૭ માં જરૂરીયાતની કોલેજોએ કાર્યકારી આચાર્યની મંજૂરીની દરખાસ્ત તા.૩૧/૦૭/૨૦૨૬ સુધીમાં અચુક મોકલી પ્રથમ સત્રના અંત સુધીમાં કાર્યકારી આચાર્યની મંજૂરી મેળવી લેવાની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

વધુમાં જણાવવાનું કે, આ યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં કાયમી આચાર્ય તરીકેની નિમણૂંક થયેલ હોઇ અને યુનિવર્સિટીની કાયમી માન્યતા મેળવેલ હોય તેવી કોલેજોને આ પરિપત્ર લાગુ પડશે નહી. જેનો નોંધ લેશો.

માન.કુલપતિશ્રીની ફાઇલ પર મળેલ મંજૂરી અનુસાર,

કુલસચિવ

નં.-એકે/માન્યતા/કા.આચાર્ય/૭૯૪૨/૨૦૨૬

તારીખઃ૧૮/૦૨/૨૦૨૬

પ્રતિ,

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની સેલ્ફ ફાયનાન્સ કોલેજોના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/સંચાલકશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા વિનંતી સહ,

નકલ સાદર રવાના જાણ સારૂ:

(૧) માન.કુલપતિશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૨) માન.કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૩) જોડાણ પ્રશાખા, એકેડેમિક વિભાગ, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૪) સિસ્ટમ એનાલીસ્ટશ્રી,કોમ્પ્યુટર (રીઝલ્ટ) સેન્ટર,સેન્ટર,હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ ગુ.યુનિ,પાટણ (વેબસાઇટ પર મૂકવા સારૂ)

(૫) ઓફિસર ઇન્ચાર્જશ્રી,સબ સેન્ટર,ખેડબ્રહ્મા કેમ્પસ, ,મુ.વડાલી, જિ.-સાબરકાંઠા હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૬) સંબધિત ફાઇલે.